શ્રીવલ્લભ મધુરાકૃતિ મેરે (ભાગ-૧)

રચના : શ્રીહરિરાયજી

ભાવાર્થ : શ્રી રમેશભાઈ પરીખ



(રાગ-બિહાગ)

શ્રીવલ્લભ મધુરાકૃતિ મેરે ।

સદા બસોમન યહ જીવનધન, સબહીનસૌં જુ કહત હૈં ટેરે ।।૧।।

મધુર વદન અતિ મધુર નયન, ભ્રોંહયુગ મધુર અલકન કી પાંત ।

મધુર ભાલ અરુ તિલક મધુર, અતિ મધુર નાસિકા કહી ન જાત ।।૨।।

મધુર અધર રસરૂપ મધુર છબિ, મધુર અતિ લલિત કપોલ ।

મધુર શ્રવન કુંડલનકી ઝલકન, મધુર મકર માનૌં કરત કલોલ ।।૩।।

મધુર કટાક્ષ કૃપારસ પૂરન, મધુર મનોહર બચન વિલાસ ।

મધુર ઉગાર દેત દાસનકો, મધુર બિરાજત મુખ મૃદુ હાસ ।।૪।।

મધુર કંઠ આભૂષન ભૂષિત, મધુર ઉરસ્થલ રૂપ સમાજ ।

અતિ વિશાલ જાનુ અવલંબિત, મધુર બાહુ પરિરંભન કાજ ।।૫।।

મધુર ઉદર કટિ મધુર જાનુ યુગ, મધુર ચરનગતિ સબ સુખરાસ ।

મધુર ચરનકી રેનુ નિરંતર, જનમ જનમ માંગત 'હરિદાસ' ।।૬।।

(સ્વરઃ શ્રી પીયૂષભાઈ પરીખ, ભરૂચ)

ભાવાર્થ :

શ્રીહરિરાયજીને શ્રીવલ્લભમાં ભરપુર પ્રીતી. જેનામાં પ્રીતિ હોય એનામાં મતિ રહે. ચિત્ત વારંવાર ત્યાં જ ગતિ કરે. પ્રીતિને લઈને વારંવાર એમનું રૂપ યાદ આવે. સહજ સ્મરણ થાય. આથી શ્રીહરિરાયજી કિશોર અવસ્થાથી જ એકાંતમાં બિરાજી 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર' ના જપમાં રાતદિવસ મગ્ન થઈ જતા.

લાકડામાં અગ્નિ છુપાયેલો હોય છે. બે લાકડાં ઘસાય એટલે અગ્નિ પ્રકટે. શ્રીવલ્લભ એટલે અલૌકિક અગ્નિ. શ્રીહરિરાયજીના હૃદયમાં વિરહતાપ સ્વરૂપે તેઓ બિરાજે. 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'માં નામસ્વરૂપે બિરાજે. વિરહાતુર હૃદયથી તેમના અગ્નિ સ્વરૂપ નામનો જપ થાય, એટલે એ અલૌકિક અગ્નિ પહેલા અંતઃકરણમાં પ્રગટ થાય; પછી બહાર પધારી નેત્રથી દર્શન આપે. આ રહસ્ય શ્રીવલ્લભે સ્વયં 'નિરોધલક્ષણ' માં બતાવ્યું.

શ્રીહરિરાયજીને શ્રીવલ્લભ સ્વરૂપનો અલૌકિક અનુભવ તેમના અંતઃકરણથી અને નેત્રોથી થયો. આપે કૃપા કરી આ પદ દ્વારા આપણને શ્રીવલ્લભ સ્વરૂપરસનો આસ્વાદ કરાવ્યો છે.

ભગવદ્ સ્વરૂપરસની મધુરતાનો પ્રથમ અનુભવ શ્રીવલ્લભને ગોકુળમાં શ્રાવણ સુદ અગિયારસની મધ્યરાત્રિએ થયેલો. આપે તે અનુભવ ‘મધુરાષ્ટક’માં ગાયો. ત્યાં શ્રી મધુરેશ પ્રભુને આપે ‘મધુરાધિપતિ’ કહ્યા. અહીં શ્રીહરિરાયજી શ્રીવલ્લભ પ્રભુને ‘મધુરાકૃતિ’ કહે છે.

‘મધુરાષ્ટક’ની ટીકામાં શ્રીગુસાંઈજીએ સમજાવ્યું કે જ્યારે રૂપ, ગુણ અને લીલા-એમ ત્રણ સુંદર અને આનંદમય હોય ત્યારે તે મધુર કહેવાય. શ્રીસ્વામિનીજી આવાં ‘મધુરા’ છે. તેમના અધિપતિ પણ એવા જ ‘મધુર’ હોય. આથી શ્રીઠાકોરજીને મધુરાધિપતિ કહ્યા.

જેમનામાં મીઠાશ હોય તે મધુર કહેવાય. મીઠાશ બે પ્રકારની. જીભની અને હૃદયની. કેરીનો રસ, મધ, સાકર આદિની મીઠાશ જીભની છે. તેનો આનંદ, તે ખવાય ત્યાં સુધીનો. સ્નેહ એ હૃદયની મીઠાશ છે. એનો અનુભવ સતત થાય. લૌકિક સ્નેહ જો આટલો મીઠો-મધુર હોય, તો દિવ્ય સ્નેહ – પ્રેમ તો કેટલો મધુર હોય? એ મધુરતાનું વર્ણન શબ્દોમાં ખાસ ન કરી શકાય.

વેદ જેવા વેદે પણ શ્રીપ્રભુની મધુરતા માટે એટલું જ કહ્યું : “રસો વૈ સઃ ” તે (પ્રભુ) રસરૂપ છે. રસ કેવો? એના જવાબમાં કહ્યું: “આનંદ કરપાદમુખોદરાદિ” એમના હસ્ત, ચરણ, મુખ, ઉદર વગેરે બધાં અંગો આનંદ સ્વરૂપ. એમાં આનંદરસનું પ્રમાણ કેટલું ? જવાબ મળ્યો-“પૂર્ણઃ” પ્રભુ પૂરેપુરા આનંદરૂપ છે.

આપણને કોઇ સુંદર કહે ત્યારે આપણી સુંદરતાને માણવા આપણે અરીસા સામે ઊભા થઇ જઈએ છીએ! પ્રભુએ પોતાના આનંદ સ્વરૂપની મધુરતા માણવા, પોતાના જ સ્વરૂપમાંથી પોતાનું બીજું સ્ત્રીરૂપ પ્રકટ કર્યું. તે શ્રીરાધિકાજી-સ્વામિનીજી! શ્રીપ્રભુ આનંદસ્વરૂપ, તો સ્વામિનીજી પરમાનંદ સ્વરૂપ. આનંદરસ શૃંગારના બે દળ-સંયોગ અને વિપ્રયોગ. શ્રીસ્વામિનીજી સંયોગ શૃંગારનું સ્વરૂપ. કૃષ્ણ વિપ્રયોગ શૃંગારનું સ્વરૂપ.

કૃષ્ણ સંયોગ શૃંગાર રસનો અનુભવ કરવા તેમના હૃદયમાં શ્રીસ્વામિનીજીનો સ્ત્રીભાવ પ્રકટ કરે. શ્રીસ્વામિનીજી વિપ્રયોગ શૃંગાર રસનો અનુભવ કરવા તેમના હૃદયમાં કૃષ્ણનો પુંભાવ પ્રકટ કરે. ઉભયના હૃદયના રસાત્મક સ્ત્રી-પું ભાવો એક થતાં,જે ભાવાત્મક સ્વરૂપ પ્રકટ થાય તે શ્રીવલ્લભ. શ્રીગુસાંઇજીએ આ રહસ્ય ‘સૌંદર્યપદ્ય’ માં સમજાવ્યું છે.

આમ, શ્રીવલ્લભનું સ્વરૂપ શ્રીપ્રભુ અને શ્રીસ્વામિનીજીના ભાવોનું ભાવાત્મક-રસાત્મક સ્વરૂપ છે. તેમાં સંયોગ અને વિપ્રયોગના બંને રસ છે. સ્ત્રીભાવ અને પુંભાવના ભાવાત્મક રસ પણ છે. આથી આ સ્વરૂપને ‘શ્રીવલ્લભ’ કહ્યા. વલ્લભ એટલે વહાલા. જે મધુર હોય, આનંદમય હોય, તે જ સૌને વહાલા લાગે. જે

સુંદર અને ગુણવાન હોય તે જ સૌને વહાલા લાગે. શ્રીવલ્લભ તો પ્રભુને અને સ્વામિનીજીને ય વહાલા લાગે માટે તેમનું નામ ‘શ્રીવલ્લભ’.

વદ્ + લભ = વલ્લભ. જેમનું નામ રટતાં ય જીભ અને મોં મીઠાં બની જાય, મધુરતાના આસ્વાદનો લાભ મળે, તે શ્રીવલ્લભ. આમ, શ્રીવલ્લભના નામકીર્તનથી મધુરતાનો અનુભવ થાય છે. જેમના નામમાં આટલી મધુરતા હોય, તેમના સ્વરૂપમાં કેટલી મધુરતા હશે?

એનો જવાબ શ્રીહરિરાયજી આ પદમાં આપે છે. ‘શ્રીવલ્લભ મધુરાકૃતિ મેરે’.

(૨)

શ્રીવલ્લભનામની મધુરતા વિશે આપણે જોયું. હવે શ્રીવલ્લભ સ્વરૂપની મધુરતાનું શ્રીહરિરાયચરણે કરેલું વર્ણન જોઇશું. શ્રીહરિરાયજી કહે છે: ‘શ્રીવલ્લભ મધુરાકૃતિ મેરે.’

શ્રીવલ્લભ ‘મધુરાકૃતિ’ છે. મધુરાકૃતિ શબ્દની સંધિ બે રીતે છૂટી પડે છે. (૧) મધુર + આકૃતિ (૨) મધુરા + આકૃતિ. આ શબ્દનો સમાસ છૂટો પાડીએ તો (૧) મધુર છે આકૃતિ જેમની (૨) મધુરા આકૃતિવાળા. આકૃતિ એટલે સ્વરૂપનાં પાસાં (૧) બાહ્ય (૨) અંતરંગ. આંખોથી જોઇ શકાય તે બાહ્ય સ્વરૂપ. અંત:કરણના ગુણો તે અંતરંગ સ્વરૂપ. માણસ બહારથી દેખાવડો હોય પણ હૃદયનો કઠોર અને નિર્દય હોય; અથવા બહારથી કરડો અને બરછટ હોય પણ હૃદયનો કોમળ હોય, તો એનું સ્વરૂપ એટલે કે આકૃતિ મધુર ન કહેવાય. શ્રીવલ્લભના રૂપ અને ગુણ બંને મધુર છે તેથી તેઓ મધુરાકૃતિ છે.

મધુર શ્રી ઠાકોરજી અને મધુરા શ્રી સ્વામિનીજી. બંનેના સ્વરૂપનો સુભગ સમન્વય શ્રીવલ્લભમાં છે. શ્રીવલ્લભ પુરુષરૂપ હોવા છતાં આપનામાં સ્ત્રીત્વનું સહજ લાલિત્ય છે. આમ, મધુર અને મધુરા સ્વરૂપનો સમન્વય થવાથી તેઓ ‘મધુરાકૃતિ’ છે.

શ્રીવલ્લભ નિજભક્તોના ભાવનું સ્વરૂપ ધારણ કરી, દર્શન આપે છે. આપ શ્રી પુરુષોત્તમ સ્વરૂપે દર્શન આપે છે; તો શ્રીસ્વામીની સ્વરૂપે પણ દર્શન આપે છે. ક્યારેક આપ યુગલ સ્વરૂપે પણ દર્શન આપે છે. આપના આચાર્ય સ્વરૂપ-સન્મનુષ્યાકૃતિ સ્વરૂપમાં પણ ભગવદીયોને અલૌકિકતાની ઝાંખી કરાવે છે. ‘જાકે રોમ રોમ પ્રતિ કોટિ ગોવર્ધનરાઈ.’ આ સર્વ સ્વરૂપ ‘મધુરાકૃતિ’ છે.

જેમ શ્રીપ્રભુનાં આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક સ્વરૂપ તેમ શ્રીવલ્લભનાં પણ ત્રણ સ્વરૂપ. આગળ જોઈ ગયા તે ભગવદ્ સ્વરૂપ આપનું આધિદૈવિક સ્વરૂપ. એ તો ‘મધુરાકૃતિ’છે જ. આપની

વાણીરૂપ આપના ગ્રંથો આપનું આધ્યાત્મિક સ્વરૂપ. તે પણ મધુર છે. “ગ્રંથ સર્વે રસરૂપ કીધા, પોતાને સિધ્ધાન્ત.” પૃથ્વી ઉપર પ્રકટ થયેલ આપનું મનુષ્ય નરાકાર સ્વરૂપ એ આધિભૌતિક સ્વરૂપ. તે પણ એટલું જ મધુર હોવાથી ભમરાઓની જેમ પુષ્ટિજીવો દૂરદૂરથી ખેંચાઈ, આપને શોધતા આપના ચરણમાં આવે છે. આમ આ ત્રણે સ્વરૂપે આપ ‘મધુરાકૃતિ’ છે.

મધુરા છે કૃતિ જેની તે = મધુરાકૃતિ. આ રીતે સમાસનો વિગ્રહ કરીએ તો શ્રીવલ્લભની સર્વ કૃતિ-લીલા મધુર છે. મધુર એવા શ્રીસ્વામિનીજીના પ્રગાઢ માનને છોડાવવા લીધેલ પ્રાગટ્ય આપની મધુરાકૃતિ છે. પૃથ્વી ઉપરનું આપનું આગમન અને તિરોધાન મધુર કૃતિ છે. પુષ્ટિજીવોનો ઉધ્ધાર પણ આપે મધુરતાથી કર્યો છે. માયાવાદના ખંડન માટેનાં આપનાં વાણી અને વર્તન પણ એટલાં જ મધુર છે. શ્રીભાગવતરસનું આપે કરેલું મંથન મધુર છે. ભગવત્સેવાનો આપે પ્રકટ કરેલો પ્રકાર મધુર છે.

આમ આપની આકૃતિ અને કૃતિ ઉભય મધુર છે. અલૌકિક દિવ્ય રસથી છલોછલ છે.

જ્યાં મધુરતા હોય ત્યાં કોમળતા હોય, પ્રસન્નતા હોય. શ્રીવલ્લભ સ્વરૂપ મધુર છે એટલે સુકોમળ અને પ્રસન્નતાપૂર્ણ છે. કોમળતામાં નજાકતતા પણ હોય. આપનામાં નજાકતતા પણ છે. આ સ્વરૂપમાધુરી ‘દેખે હી બનિ આવે, કહત ન આવે’ એવી છે માટે શ્રીહરિરાયજી માત્ર ‘મધુરાકૃતિ’ પદ કહી, અટકી ગયા છે!

આવા મધુરાકૃતિ શ્રીવલ્લભ જેમને પ્રાપ્ત થાય તે મહા બડભાગી એમ સૂચવવા શ્રીહરિરાયજીએ કહ્યું : ‘શ્રીવલ્લભ મધુરાકૃતિ મેરે.’ ક્યારેક પ્રેમ એકપક્ષી હોય છે. આપણે કોઈકને સ્નેહ કરતા હોઈએ, તેને પોતાનો માનીએ, પણ સામી વ્યક્તિ આપણને સ્નેહ ન પણ કરતી હોય. આ એકપક્ષી પ્રેમ અધૂરો છે; છતાંયે તેમાં મધુરતા તો છે જ; પરંતુ જ્યારે પ્રેમ બે પક્ષી બને – તું મારો, હું તારો – ત્યારે તે પરિપૂર્ણ પ્રેમ કહેવાય. તે પૂર્ણત: મધુર હોય. શ્રીવલ્લભ સાથેનો આપણો હ્રદયભાવ બેપક્ષી છે. આપણે શ્રીવલ્લભને અપનાવ્યા છે. શ્રીવલ્લભે આપણને સ્વીકાર્યા છે. તેને લઈને શ્રીવલ્લભ આપણા પોતીકા હોવાથી વિશેષ ‘મધુરાકૃતિ’ છે. પોતાપણાનો ભાવ પ્રકટે એટલે અરૂપ પણ રૂપવાન લાગે. મધુર વધારે મધુર લાગે. આથી શ્રીહરિરાયજીને શ્રીવલ્લભ સવિશેષ ‘મધુરાકૃતિ’ લાગે છે. ‘શ્રીવલ્લભ સવિશેષ મારા છે’ એ પરમ સૌભાગ્યનો આનંદ જ આ પદ ગવડાવે છે.

જે મારા – આપણા થાય, તે આંખ સામે હોય ત્યારે ‘રૂપ દેખે નયના પલક લાગે નહિ.’ તે આંખથી અંતર્ધાન થઈ, અંત:કરણમાં બિરાજે, ત્યારે ય એમના સ્વરૂપની સ્મૃતિ તો મમળાવવાનું જ મન રહે. સ્મૃતિની માણેલી મધુરતા, જગતમાં કામગરા રહેવા છતાં, આપણને શ્રીવલ્લભમય બનાવી દે છે.

‘જગત જાણે એ છે જંજાળી, રાખે હદે ત્રિકમજીશું તાળી’ પછી એ ભક્ત માટે તો ‘જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની.’ આજ ઉત્કટ અનુભવથી શ્રીહરિરાયજીએ ગાયું – શ્રીવલ્લભ મધુરાકૃતિ મેરે.

(3)

શ્રીવલ્લભ મધુરાકૃતિ મેરે ।

સદા બસો મન યહ જીવનધન,

સબહીન સોં જુ કહત હૌં ટેરે ।

શ્રીહરિરાયજી પ્રભુચરણે આ કીર્તનની પ્રથમ પંક્તિમાં શ્રીવલ્લભ-નામ અને શ્રીવલ્લભ-સ્વરૂપની મધુરતાનો પરિચય આપણને કરાવ્યો. પોતાના આવા મધુરાકૃતિ શ્રીવલ્લભને, શ્રીહરિરાયજી હવે બીજી પંક્તિમાં ‘જીવનધન’ કહે છે.

જીવન અને ધન વિશેના દૃષ્ટિકોણ શાસ્ત્રતત્વ અને મર્મજ્ઞોના પણ એક નથી, ત્યાં આપણી સામે સાચો દૃષ્ટિકોણ ક્યાંથી હોય? સામાન્ય સંસારીજનો ધનને ભૌતિક સાધન-સંપત્તિ-સમૃદ્ધિના અર્થમાં સમજે છે. એમને મન ધન કમાવા માટે જીવન છે અને જીવન જીવવા માટે ધન છે. ધન વિનાનું જીવન દુ:ખમય છે. એમની વૃત્તિ-પ્રવૃત્તિના કેન્દ્રમાં કેવળ ધન છે, ‘પૈસો મારો પરમેશ્વર’; ‘સર્વે ગુણા:કાંચનમાશ્રયન્તે.’ સોનાથી બધા સદગુણો આવી મળે છે.

પણ કેટલાક લોકોને લૌકિકની સાથે પારલૌકિકની ફિકર પણ હોય છે. કેટલાક જન્મજાત ફકીર હોય છે. પૈસાને બગાડ માની દૂર ભાગનારા હોય છે. એમાંના કોઈને વિદ્યામાં ધન જણાય છે, કોઈને શૌર્યમાં, કોઈને ત્યાગમાં, કોઈને તપમાં.

ભગવદ્ ભક્તો જુદી માટીના છે. એમની ખોપરી જ જુદી. સીતાજીએ અતિ મૂલ્યવાન ગજમોતીની માળા પ્રસાદરૂપે હનુમાનજીને આપી, ત્યારે દાંતથી એક એક મોતી તોડી જોવા લાગ્યા. અંદર એમના રામજી છે? રામજી હોય તો મોતી કામનાં; બાકી તો કુંભનદાસજીએ કહ્યું: “ભક્તનકો કહા સિકરીકો કામ? કુંભનદાસ લાલ ગિરિધરન બિન યહ સબ જૂઠો ધામ.” ભક્તને મન ભગવાન જ ધન-સર્વસ્વ. “ત્વમેવ દ્રવીણં” આથી જ સૂરદાસજી કહે છે. “બડો ધન હરિજનકો હરિનામ.”

ગોપિકાઓ તો 'ગોપીગીત'માં એથીયે આગળ વધીને પરોક્ષ બનેલા ભગવાનને કહે છે: 'ત્વયિ ધૃતાસવ'- ભલે તમારા વ્રજવાસથી અહીં લક્ષ્મી સ્થિરવાસ કરીને અમારી પર્ણકુટિમાં રહ્યાં હોય, પણ અમે તો તમારા માટે જ જીવીએ છીએ. અમારા પ્રાણ તમારા માટે જ ટક્યા છે!

આમ, ભક્તોના જીવનધન તો ભગવાન જ છે. એમના જીવનના શ્રેય માટે જરૂરી ધનરૂપ ભગવાન છે, જીવનના સુખરૂપ પણ ભગવાન છે અને જીવનના અંતિમ ફળરૂપ પણ ભગવાન જ છે.

શ્રીહરિરાયજી શ્રીવલ્લભને પોતાનું જીવનધન કહે છે; કારણ કે શ્રીદામોદરદાસ હરસાનીજીએ શીખવ્યું છે કે ગોવિંદથી ગુરુ મોટા છે. ગુરુ જ ગોવિંદ છે. આ જ વાત સૂરદાસજીએ પણ એમની અંતિમ ક્ષણે કહી: 'દૃઢ ઈન ચરનન કેરો ભરોંસો.' શ્રીવલ્લભ એ જ શ્રીનાથજી અને શ્રીનાથજી એ જ શ્રીવલ્લભ. શ્રીગુસાંઈજીએ બતાવ્યું: 'વસ્તુત: કૃષ્ણ એવ.' માટે શ્રીવલ્લભ આપણું જીવનધન છે. "ત્વમેવ સર્વં મમ દેવદેવ."

ધન સુખ લાવે, ધન દુ:ખ દૂર કરે, ધન શાંતિ આપે. શ્રીવલ્લભે આપણને સેવાનું સુખ આપ્યું. સંસારનું અહંતા-મમતાનું દુ:ખ દૂર કર્યું. આપણને આશ્રય આપી નિશ્ચિંત કર્યાં, શાંતિ બક્ષી; માટે તેઓ આપણા જીવનધન છે.

ધનથી બધું મળે. નામ મળે અને પ્રતિષ્ઠા પણ મળે. 'શ્રીવલ્લભ સાધૈ સબ સધે.' શ્રીવલ્લભના મળવાથી ભગવદીય મળે, ભગવાન મળે.

આવું ધન ગમે ત્યાં ન રખાય. તિજોરીમાં રખાય. માટે શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે: "સદા બસો મન યહ જીવનધન" શ્રીવલ્લભરૂપી જીવનધન સદા મારા મનમાં બિરાજો. ત્યાંથી કોઈ તેમને લઈ જઈ શકશે નહિ. શરીરનું સગપણ તો શરીર સાથે નાશ પામશે. આત્માનો સંબંધ કાયમી રહેશે. માટે શ્રીવલ્લભને આત્મીય બનાવવા, આપણા મનમંદિરમાં પધરાવીએ. પણ પધરાવવા કેવી રીતે?

શ્રીહરિરાયજી શિક્ષાપત્રમાં તેનો પ્રકાર બતાવે છે. પહેલાં મનમંદિરને સાફસુથરું, સુઘડ બનાવો. મર્યાદામાર્ગમાં તે માટે યોગ, તપ વગેરે પ્રકારો છે; પણ એતો કપરા છે. તેથી શ્રીહરિરાયજી કહે છે: "કાહેકો દેહ દમત, સાધન કરિ, મૂરખજન." આપશ્રી કહે છે: પુષ્ટિમાર્ગ તો પ્રેમમાર્ગ છે. જો પ્રેમીમાં તમારી અનન્યાતાપૂર્વકની શરણાગતિ અને સમર્પણનિષ્ઠા છે, તો તમારા મનના દોષો-અવગુણો પ્રેમીનો સાથ અને પ્રેમ પામવામાં અવરોધક નહિ બને. તમારો પ્રેમ તમારો મોટામાં મોટો ગુણ બની જશે; માટે પુષ્ટિમાર્ગમાં મનમંદિરને સજાવવા માટે દીનતા, નિ:સાધનતા, તાપક્લેશ અને ગુણગાન

જરૂરી છે. તેનાથી સ્વરૂપાસક્તિ સુદૃઢ થશે. એક વખત શ્રીવલ્લભમાં સ્વરૂપાસક્તિ થઈ નથી કે શ્રીવલ્લભ મનમંદિરમાં પધાર્યા નથી.

દીનતા આદિ માટે માર્ગનિષ્ઠા થવી જોઈએ. શ્રીવલ્લભના ગ્રંથોના પાઠ, ચિંતન અને તે મુજબના આચરણથી જ માર્ગનિષ્ઠા બને. માર્ગનિષ્ઠા દૃઢ થતાં શ્રીવલ્લભ નામાત્મક અને રૂપાત્મક બંને સ્વરૂપે આપણા મનમંદિરમાં બિરાજે.

પુષ્ટિમાર્ગ એટલે કૃપામાર્ગ. ભગવાન ભોજન આપે, ચાવવા દાંત આપે અને ચાવવાની શક્તિ આપે, એ ભગવાનની કૃપા. પણ આપણે ચાવવું તો પડે જ. તેમ આપણે આપણા મનમંદિરમાં શ્રીવલ્લભને પધરાવવાનો પુરુષાર્થ તો કરવો જ પડે.

સાથે સાથે એ પણ નક્કી છે કે જે આંખનો વિષય બને, સદા માટે આંખમાં વસી જાય, તે જ મનનો વિષય બને, મનમંદિરમાં ય વસી જાય. આંખનો વિષય ન બને, તે મનનો વિષય કેવી રીતે બની શકે? પહેલાં શ્રીવલ્લભને આંખમાં વસાવવા પડે. શ્રીવલ્લભનું રૂપ આંખમાં અંજન બની અંજાઈ જાય. શ્રીહરિરાયજીનાં નેત્રોમાં એ કેવું અંજાઈ ગયું કે તેમના મનમાં એ જીવનધન સદાને માટે વસી ગયું?

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે: 'સબહીન સોં જુ કહત હૌં ટેરે.' પોતાનો આ અનુભવ આપ બધાંને કહી રહ્યા છે. વાજતે-ગાજતે કહી રહ્યા છે. સૌને સમજાવી રહ્યા છે કે મધુરાકૃતિ શ્રીવલ્લભને પોતાના બનાવો. જીવનધન બનાવી હૃદયમાં સદાને માટે વસાવી લો. શ્રીવલ્લભ વિદ્યમાન આનંદ છે. 'વિદ્યમાન આનંદ તજિ ચલત ક્યોં અપાથે?'

છતાં સૌને શ્રીહરિરાયજીની આ આજ્ઞા સમજાતી કેમ નથી? જવાબ સીધો છે: 'અધિકારી પાખે એ વાણી, નહિ કોને ઉચ્ચાર.' અધિકાર હોય તે સમજે. બાકી તો 'સૂન્યો તો સહી, પરિ સમઝ્યો નાહીં' જેવું થાય

(લેખાંક : ૪)

મધુર બચન ઔર નયન મધુર

ભ્રોંહયુગ મધુર અલકન કી પાંત ।

અત્યાર સુધીમાં આપણે આ કીર્તનની પહેલી કડીનું રસપાન કર્યું. હવે શરૂ થાય છે બીજી કડી.

પ્રારંભમાં કહે છે : “મધુર બચન”. દર્શન પૂર્વે વચનામૃતનું શ્રવણ થયું છે. શ્રીવલ્લભની વાણી સુ-મધુર છે. જે વાણીમાં કોમળતા, ઓજસ્વિતા, પ્રસન્નતા અને મીઠાશ હોય તે મધુર વાણી કહેવાય. લૌકિકમાં લતા મંગેશકર જેવાંની વાણીમાં ય આવો અનુભવ થાય છે. ત્યારે શ્રીવલ્લભ તો સાક્ષત્ ભગવાનના મુખારવિંદનું સ્વરૂપ છે. રસાત્મક ભગવાનનું મુખ રસાત્મક અને તે મુખમાંથી પ્રગટ થતી વાણી પણ રસાત્મક! એની મધુરતાની તોલે બીજી કોઈ વાણી ન આવે! દુનિયાના લોકોની વાણી તો વૈખરી. શ્રીવલ્લભની વાણી તો વેદવાણી!

કેટકેટલા ભક્તોએ એ વાણીનું પાન કર્યું છે! એ વાણીની મધુરતા માણીને ગાયું છે : “બેનુગીત પુનિ યુગલગીત કી રસબરખા બરખાઈ.”

શ્રીહરસાનીજીએ શ્રીવલ્લભ વચન સાંભળ્યાં : ‘દમલા તું આયો?’ એ વચનમાધુરી દમલાજીનું જીવન બની ગઈ. પછી તો એ વાણી વારંવાર વરસતી રહી : ‘દમલા, ભગવદવાર્તા કીયે બડી બેર ભઈ!’

સૂરદાસને ‘દશમસ્કંધ અનુક્રમણિકા’ આપે સંભળાવી. એના ફળરૂપે “સૂરસાગર” ઉમટ્યો. ‘સુન સૂર સબનકી યહ ગતિ, જે હરિ ચરન ભજે ’માં આપે કેટલો વિશ્વાસ ઠાલવી દીધો!

દિનકરદાસ શેઠ તો આપની કથામાં એવા આસક્ત થઈ ગયા હતા કે કાચાં દાળ-બાટી ખાઈ, કથાશ્રવણ માટે દોડ્યા હતા! આવા અનેક પ્રસંગોના અનુભવને શ્રીગુસાંઈજીએ કહ્યું: “વાક્સીધુપૂરિતાશેષસેવકઃ” વાક્પતિ છે શ્રીવલ્લભ તો!

‘મધુરાષ્ટક’ની શ્રીવલ્લભની વચનમાધુરીની તોલે બીજા કોઈની વાણી સ્પર્ધા કરી શકે? ‘યમુનાષ્ટક’ની મધુરિમા અન્ય કોઈ યમુના-સ્તવનમાં માણી શકાય? કાશ! આજે આપનાં એ વચનામૃત સાંભળવા મળે તો? એ વાણી શ્રીપદ્મનાભદાસજીને વનમાળીની વેણુની યાદ અપાવતી રહી. એમણે ગાયું: ‘ઐસી બંસી બાજી બનધનમેં મુનિનકી સમાધિ લાગી.”

શ્રીવલ્લભ સ્વરૂપ ઘનીભૂત રસાત્મક આનંદ સ્વરૂપ છે. તો તેમની વાણી દ્રવીભૂત રસાત્મક આનંદ સ્વરૂપ છે. આપની પરોક્ષ સ્થિતિમાં આપની વાણી જ પુષ્ટિજીવોનો ઉદ્ધાર કરનારી છે.

શ્રીગુસાંઈજીએ તુલસાંને પૂછેલું : “તને શ્રીમથુરાનાથજી આટલી કૃપા કરી સાનુભવ કેમ કરાવે છે?” જવાબમાં તુલસાંએ કહેલું: “સમય મળે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો પાઠ કરું છું.” આ કૃપાપ્રતાપ શ્રીવલ્લભવાણીના સેવનનો જ!

મુખમાંથી મધુર વચનો ત્યારે જ પ્રકટે, જ્યારે હૈયામાં હેત હોય અને હેત નેત્રોમાંથી નેહ બનીને નીતરે. નેહ વિનાની મધુરતા બનાવટી, કપટી, પાખંડી હોય. શ્રીવલ્લભનાં વચનામૃતોનું પાન કરતાં શ્રીહરિરાયજીનાં નેત્રો શ્રીવલ્લભનાં નેત્રો સાથે મળે છે. ચાર નેત્રોનાં મિલનનો અનુભવ કરીને આપ ગાય છે: 'ઔર નયન મધુર.' આપનાં નેત્રોમાં પણ એ જ મધુરતા છે! એટલે તો એ નેત્રકમળ કહેવાય છે. એમાં કમળની અરુણિમાનો રંગ છે એ અનુરાગનો ઘૂંટાયેલો રંગ છે. એમાં કીકીની શ્યામલતા શ્રીશ્યામસુંદરની ભાવમગ્નતાની છે. એ નેત્રપટલનો શ્વેતવર્ણ લૌકિક વિરક્તિના ત્યાગ અને તપની શુચિતાનો છે. 'કૃપારસ નૈન કમલદલ ફુલે.' 'કમલસી અખિયાં લાલ તિહારી.'

આ નયનોની મધુરતાએ તો શ્રીજીને ય રસવશ કર્યા. પ્રથમ મિલન વખતે આ નયનોમાંથી નેહના મેહ કેવા વરસ્યા હશે? શ્રીદમલાજીને આ નયનમાધુરી સદા ભીંજવતી રહી. મેઘનજી એ નયનમાધુરીના મધુકર બની, વિષમ સ્થળમાં ય શ્રીવલ્લભથી વેગળા ન થયા. શ્યામદાસ સુથાર અને સગુણદાસ તો 'બિના મોલકે ચેરે' બનીને રહ્યાં! આ નયનામૃતનું પાન કરીને શ્રીગુસાંઈજીએ એનું કારણ બતાવ્યું : 'પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસસુપૂરિત:' નિકુંજ-લીલાના ક્ષણક્ષણના રસથી ભર્યાં ભર્યાં શ્રીવલ્લભનાં નેત્રો પ્રિયાનાં નેત્રો છે. એમાં પ્રેમરસ છલકે છે. એ નેત્રો "કૃપાદગ્વૃષ્ટિસંહૃષ્ટદાસીપ્રિય:પતિ:"નાં છે. એમાંથી નિજભક્તો માટે સદૈવ કૃપારસ છલકે છે.

જ્યારે હૃદયમાં ભાવની ભરપૂર ભરતી આવે, ત્યારે વાણી મૌન બની જાય. છલકતાં નેત્રોની વાણી ખૂલી જાય. શ્રીવલ્લભનાં મધુર નેત્રોની આવી મધુર વાણી અનેક ભગવદીયોયે માણી છે. 'ઈન નેનનકી બલિહારી.' 'કમલ નેણે ને અમૃત વેણે વાક્યમાધુરી રેડતા.' આવાં 'નયન ખંજન રસમાતે' નેત્રોની મધુરતાનું પાન, એ તો આપણી આંખોનો મોક્ષ છે. પરમ ફળ છે.

શ્રીહરિરાયચરણની દ્રષ્ટિ આ નયનમાધુરીનું પાન કરતાં કરતાં આપનાં નેત્રો પરની ભ્રમરો અને તે પર ઝૂલી રહેલી અલકોમાં ઉરઝાઈ જાય છે. **'ભ્રૌંહ યુગ મધુર અલકન કી પાંત.'** ભ્રૌંહ એટલે આંખની ભમ્મર. યુગ એટલે જોડી-બે. આપનાં બે નેત્રો ઉપરની ભમ્મર તિરછી-ધનુષ્ય જેવી કુટિલ છે. ભમ્મર રૂપી ધનુષ્ય પર નેત્રની દ્રષ્ટિ રૂપી બાણનું શરસંધાન કરી, આપ નિજજનોનાં હૈયાં વીંધી રહ્યા છે. જેમ સરોવરથી કમળ શોભે અને કમળથી સરોવર શોભે, તેમ નેત્રોથી ભ્રમરો શોભે છે, અને ભ્રમરોથી નેત્રો શોભે છે. ભગવદીયોનો અનુભવ એવો છે કે એ નેત્રકમળો ઉપર ભ્રમરો રૂપી ભમરાઓ મંડરાય છે! નેત્રકટાક્ષ જેટલા જ ભમ્મરકટાક્ષ પણ મધુર છે. ભક્તિમાર્ગમાં ભ્રમર ભગવદ્ રસમાં આસક્ત ભક્તનું સ્વરૂપ છે. 'ભ્રમરગીત'માં ગોપીજનોએ તો શ્રીશ્યામસુંદરને જ ભ્રમર કહી ઉપાલંભ-ઠપકો આપ્યો છે. શ્યામ ભ્રમરની પીળી મૂછો પીતાંબરધારી શ્યામમનોહરનું જ સ્મરણ કરાવે! અહીં શ્રીવલ્લભના લલાટ પર

રાજતી શ્યામ ભ્રમરો પર લલાટનું પીત ચંદન લાગ્યું છે. જાણે સાંવરિયાલાલ પીતાંબર ધરીને, શ્રીવલ્લભનાં નેત્રકમળોનું પાન ન કરી રહ્યા હોય! એવી જ રીતે શ્યામરસપાગી ભક્તો પણ એ નેત્રરસનું પાન ભ્રમર રૂપે કરે છે!

ભગવાન અને ભક્તો બંનેની જોડી આ નેત્રકમળરસ માણે છે; તેથી કહ્યું : 'ભ્રોંહ યુગ મધુર.' 'ભ્રૂભંગેથી સૃષ્ટિ નીપની, અતિ સુંદર બ્રહ્માંડ.' ભગવાનના ભ્રૂભંગથી બ્રહ્માંડ પ્રકટ થયું, તેમ શ્રીવલ્લભના ભ્રૂભંગથી માયાવાદનો અસ્ત થઈ બ્રહ્મવાદ પ્રગટ થયો.

શ્રીવલ્લભના 'કૃપા કટાક્ષે હુવા અક્ષરમાં ઉપન્યા સત્વ અનંત, ભક્તિલીન હુવા સૌભાગી, તે વૈષ્ણવ ગુણવંત. 'એમની જ 'બીજી કટાક્ષે જે જન ઉપન્યા, માયામાં થયા લીન, કર્મજડ, આસુર, અન્ય ઉપાસક, ભજન ધર્મથી હીન.'

આવી 'ભ્રોંહયુગ મધુર' ઉપર 'અલકનકી પાંત' શોભે છે. અલક એટલે કેશની લટો. પાંત એટલે પંક્તિ. શ્રીવલ્લભના શ્યામની લટો પવનમાં ઊડી ઊડી લલાટ ઉપર છવાય છે. એ અલકો પણ મુખકમળ ઉપર મંડરાતા ભક્તોનું જ ભાવાત્મક સ્વરૂપ છે. એ અલકો રૂપે ભક્તો આપના 'શ્રીવૃંદાવનચંદ મુખરુચિ' મુખની મધુરતાનું પાન કરે છે. આ અલકોથી આપની મુખછબિની શોભા અધિક બને છે. 'ભ્રોંહ યુગ મધુર અલકન કી પાંત' એમાં મધુર પદ વચમાં છે. કાવ્યની પરિભષામાં તેને 'દેહલીદીપકન્યાય' કહેવાય. બે ઓરડાની વચ્ચેના ઉંબરા ઉપર મૂકેલો દીવો બંને ઓરડાને અજવાળે તેમ અહીં મધુર પદ ભમ્મરો અને અલકો બંનેને લાગુ પડે છે.

(લેખાંક : ૫)

મધુર ભાલ અરુ તિલક મધુર,

અતિ મધુર નાસિકા કહી ન જાત.

શ્રીવલ્લભના 'મધુર ભ્રોંહયુગ' અને 'મધુર અલકનકી પાંત'ની વચ્ચે 'મધુર ભાલ અરુ તિલક મધુર' શોભે છે. ભાલની મધુરતા એની વિશાળતા અને તેજસ્વીતાથી હોય છે. શ્રીવલ્લભનું લલાટ વિશાળ અને તેજસ્વી છે. ભાલ મગજનું બાહ્ય આવરણ છે. મગજ બુદ્ધિનું સ્થાન છે. શ્રીવલ્લભની જ્ઞાન પ્રતિભા, પ્રકાંડ પાંડિત્ય, શાસ્ત્ર-સજ્જ પ્રજ્ઞા વગેરેને કારણે આપનું ભાલ પ્રતાપી-મધુર છે.

ભાલ પ્રદેશની ભીતર આજ્ઞાકારી નાડીચક્ર છે. તે માણસની ઈન્દ્રિયો ઉપર શાસન કરે છે. તેમ તે બીજી વ્યક્તિઓ ઉપર પણ અનુશાસન કરે છે. શ્રીવલ્લભનું આ નાડીચક્ર એટલું જાગ્રત છે કે, જેના કારણે આપનું સમગ્ર જીવન સાત્વિક, સંયમી, અને સહિષ્ણુ છે. આપની સર્વ ઈન્દ્રિયો સેવા-સ્મરણમાં જ સદા તત્પર છે. આપની ટેક, તપ અને ત્યાગ રમણીય બન્યાં છે. એનાથી આપના સમગ્ર જીવનમાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની મધુરતા છાયી છે. સાથે સાથે આપ ભક્તોમાં પણ આ વૃત્તિઓ પ્રકટાવે છે. આપ પતિત પાવન છે. આ આપના ભાલની મધુરતા છે.

ભાલ પર ઊર્ધ્વપુંડ્ર તિલક શોભે છે. તે ભગવદ્ ચરણાકૃતિ છે. ભગવાનનાં ચરણ કમલ સમાન છે. તેમાં ભક્તિનો અને ભક્તોનો નિવાસ છે. તેથી એ ચરણો મધુર છે. પોતાનાં ચરણકમલોની મધુરતા માણતા ભક્તોને જોઈને, ભગવાન બાલમુકુન્દને પણ તે ચાખવાનું મન થયું ત્યારે પોતાના મુખકમળમાં ચરણકમળનો અંગુષ્ઠ રાખી, તેની મધુરતા માણી હતી. કમળની જેમ ચરણતલ પણ અરુણ-લાલાશયુક્ત છે. એ અનુરાગનો વર્ણ છે.

ગોપિકાઓએ ‘ગોપીગીત’માં ભગવાનને વિનંતી કરી હતી કે આપના ચરણકમળ અમારા મસ્તકે પધરાવો. ભક્તો એ ચરણકમળ તિલક રૂપે એમના લલાટમાં ધારણ કરે છે. તિલક ભક્તના સૌભાગ્યનું ચિહ્ન છે. મારા માથે મારા અલૌકિક સ્વામી બિરાજે છે. તેથી હું અભયી છું. એવા સૌભાગ્યભાવનું આ તિલક શ્રીવલ્લભના મધુર ભાલ પર અતિ મધુર લાગે છે.

શ્રીવલ્લભ નિત્યલીલામાંથી ભૂતળ ઉપર પધાર્યા, ત્યારે ચારે સ્વામિનીજીઓ સહિત સકલ વ્રજભક્તોએ આપને વિજયતિલક કરેલું. તેથી આપના પ્રાગટ્ય સમયે આપના ભાલ ઉપર કસ્તુરીનું વિજયતિલક પ્રગટ હતું. આપના જન્મદિવસે આપના સેવકો આપને મંગળ તિલક કરી આપનું મંગલ વાંછે છે. વિજયનગરની ધર્મસભામાં આપના વિજય પછી, આપને આચાર્યપદ પ્રદાન કરતું વિજયતિલક થયું હતું. આ સર્વ તિલકો આપના લલાટ પર શોભે છે. તેથી જ ભગવદીયો ગાય છે : ‘તિલકમુદ્રા ધરિ બૈઠે શ્રીલક્ષ્મણભટધામ.’ તિલક ભગવદ્ રાગનું સૂચક છે. ભગવદ રાગ મધુર છે તેથી તિલક પણ મધુર છે.

મધુર તિલકનાં દર્શન કરતાં તિલકની નીચે શોભતી નાસિકા પર દ્રષ્ટિ સ્થિર થાય છે. “અતિ મધુર નાસિકા કહી ન જાત.” આપની સુરેખ, લાંબી, તીક્ષ્ણ નાસિકા અતિ મધુર છે. નાક મુખાકૃતિની શોભા વધારે છે. શ્રીવલ્લભ નાસિકા દ્વારા સદા શ્રીયુગલસ્વરૂપના શ્રીઅંગની સુગંધનું પાન કરનારા છે. શ્રીઅંગની મધુર સુગંધથી ભરી ભરી એ નાસિકા અતિ મધુર છે.

શ્રીયુગલસ્વરૂપ નાસિકામાં ‘વેસર’ ધારણ કરે છે. શ્રીઠાકોરજીની નાસિકાનું વેસર બની, શ્રીસ્વામિનીજી શ્રીઠાકોરજીના અધરામૃતનું પાન કરે છે. શ્રીસ્વામિનીજીની નાસિકાનું વેસર બની, શ્રીઠાકોરજી પણ શ્રીસ્વામિનીજીના અધરામૃતનું પાન કરે છે. આમ અધરામૃતનું પાન કરવા માટે નાસિકા અધિષ્ઠાન છે. એ પાનથી નાસિકા અતિ મધુર બની છે.

આવી મધુર નાસિકાનો ઉચ્છવાસ પણ મધુર સુગંધિત જ હોય. એના અનુભવે શ્રીહરિરાયજીએ કહ્યું કે એ મધુરતાનું વર્ણન થઈ શકે તેમ જ નથી-‘કહી ન જાત.’

અધર મધુર રસ રૂપ મધુર, છબિ મધુર દોઉ લલિત કપોલ ।
મધુર શ્રવન કુંડલનકી ઝલકન, મધુર મકર માનૌં કરત કલોલ ।।૩।।

અતિમધુર નાસિકાની નીચે છે ‘અધર મધુર, રસરૂપ મધુર’. જેને ધારણ કરી શકાય નહી, સંઘરી શકાય નહી, તે અધર. આ અધર પર સદા બિરાજમાન છે ભગવદ્ ભોગ્યા સુધા. આ અધરોની મહોદારતા એમાં છે કે અતિ દુર્લભ એવી ભગવદ્ ભોગ્યા સુધાનું પાન પોતે એકલા કરતા નથી, પણ સૌને કરાવે છે. નિજજનોને પ્રત્યક્ષ રીતે કરાવે છે. તો અન્યને વેણુરવ દ્વારા કરાવે છે. એવા શ્રીવલ્લભનાં મધુર અધર છે. એ અધરો દ્વારા ‘કૃષ્ણાધરામૃતાસ્વાદ-સિદ્ધિરત્ર ન સંશય:’ આથી તો આ અધરોથી ઝરતા સુધારૂપ શબ્દોનું પાન કરવા, ભક્તો સદા લાલાયતિ હોય છે.

એ અધરોનો રસ જ મધુર નથી. એમનું રૂપ-સ્વરૂપ પણ મધુર છે. અધરોની અરુણિમા, બંકિમા, સ્નિગ્ધતા અને કુમાશથી અધરો અતિ સુંદર-મધુર લાગે છે. આવા અધર પરથી ઝરતો સુધારસ ચાખવા ભક્તોરૂપી હડપચીનો હીરલો લાલાયિત હોય છે.

આ અધરો મૌન હોય તો ય એમની ભાષા હોય છે. તે બોલતા હોય છે. પ્રિયતમ પ્રભુના પ્યારમાં ક્યારેક બંધ અધરો મુસ્કુરાય છે. એમનાં દર્શને ક્યારેક અધખીલ્યા કમળ શા ખીલે છે. એમની સાથે માન થતાં એ મરડાય છે. ક્યારેક એ અધરદંશથી સીસકે છે, તો ક્યારેક ઉત્કટ પ્રેમવૃષ્ટિને ઝીલતાં વિસ્ફારિત થાય છે. આવી વિવિધ રસભંગિમાઓનાં દર્શને જ શ્રીહરિરાયજીએ ગાયું છે : ‘અધર મધુર રસ રૂપ મધુર.’ આ અધરોનો રસ અને રૂપ બેઉ મધુર છે.

‘છબિ મધુર દોઉ લલિત કપોલ.’ કપોલ એટલે ગાલ. તેમની છબિ પણ મધુર છે. પાકેલા લાલ-સોનેરી મોટાં બોર જેવાં છે. આપ સ્મિત કરે છે ત્યારે આ કપોલમાં ખંજન પડે છે. ખંજન કપોલની સુંદરતા વધારે

છે. કર્ણમાં ઝૂલતાં કુંડલનું તેજ કપોલ પર પથરાય છે. નેત્રોમાંથી ક્યારેક પ્રેમનાં હર્ષાશ્રુ ટપકે છે, તો ક્યારેક વિરહાશ્રુ વહે છે. આ બંને અશ્રુરસનો આસ્વાદ કરી આપનાં કપોલ લલિત-મધુર બન્યાં છે.

આ કપોલ સાથે લાગી રહેલાં 'શ્રવન મધુર' છે. શ્રવન એટલે કાન. જે કાન દ્વારા હરિયશ સાંભળી 'હરિ! તેરી લીલાકી સુધિ આવે' એ કાન 'કર્ણરસાયન' એવી હરિકથા સાંભળી કેમ મધુર ન બને? માટે તો કાનને કર્ણપુટ કહ્યાં છે. કર્ણપુટ એટલે કાન રૂપી પાત્ર. શ્રીવલ્લભનાં આ કર્ણપુટ ભગવદ રસથી સદા છલોછલ ભરેલ હોઈ મધુર છે.

'કુંડલનકી ઝલક મધુર'. કર્ણમાં ધારણ કરેલાં કુંડળોનું તેજ પણ મધુર છે. શ્રીવલ્લભ સોના, મોતી કે હીરાનાં આભૂષણો ધરતા નથી. આપ તો 'શ્રીભાગવત પ્રતિ પદ મણિવર ભાવાંશુમૂર્તિ:' છે. શ્રીભાગવતનો પ્રત્યેક શબ્દ ઉત્તમોત્તમ મણિરૂપે આપના શ્રીઅંગ ઉપર શોભી રહ્યો છે. આપનાં કર્ણકુંડલ એટલે શ્રીભાગવતની પદાવલિ, જે મધુર છે.

યોગ અને સાંખ્ય શાસ્ત્રોને પણ ભગવાનના કર્ણનાં કુંડળ કહ્યાં છે. આપ સકલ શાસ્ત્રોના અભ્યાસી, શ્રોતા છે. બહુશ્રુત છે. તેથી શાસ્ત્રો રૂપી કુંડળથી આપના કર્ણ મધુર છે.

'મધુર મકર દોઉ કરત કલોલ.' મકર એટલે મગર. મગર હંમેશા પાણીમાં રહેનારો જીવ. પ્રભુ મકરાકૃતિ કુંડલ ધારણ કરી, એમ સૂચવે છે કે મારા લીલારસમાં બૂડેલા ભક્તોનાં વચનો હું મારા કર્ણમાં ધારણ કરું છું. ભક્તોની કાલી-ઘેલી, અશાસ્ત્રીય વાણી પણ શ્રીવલ્લભ હોંશથી શ્રવણ કરી, પ્રસન્ન થાય છે. એવી પ્રેમભરી વાણીથી મકર રૂપી ભક્તો આપના કર્ણ પર બિરાજી કિલ્લોલે છે.

આવું મધુર વદનારવિંદ છે શ્રીવલ્લભનું. આ રૂપ માધુરીનું પાન નિજજનો સદા કરે છે. શ્રીવલ્લભનું નામસ્મરણ-શ્રવણમાં આવતા આ સ્વરૂપનું હૃદયમાં ધ્યાન ધરવું. શ્રીહરિરાયજીએ આ બે કડીઓથી શ્રીવલ્લભના મુખચંદ્રનું દર્શન કરાવ્યું. બે કડીથી દર્શન કરાવવાનો હેતુ એ કે શ્રીવલ્લભમાં યુગલસ્વરૂપ બિરાજમાન છે. શ્રીવલ્લભ સ્વરૂપ યુગલસ્વરૂપના ભાવનું છે. બીજી રીતે વિચારીએ તો આપ સંયોગ અને વિપ્રયોગ ભાવોનું સ્વરૂપ પણ છે. આ સર્વ ભાવો આપના મુખશશિમાં મધુર રીતે ઝળકે છે.

(ક્રમશઃ

મધુર કટાક્ષ કૃપારસપૂરન, મધુર મનોહર બચન બિલાસ ।

મધુર ઉગાર દેત દાસનકો, મધુર બિરાજત મુખ મૃદુ હાસ ।।૪।।

હવે આ ચોથી કડીમાં શ્રીવલ્લભના મધુર મુખારવિંદની ચાર મધુર લીલાઓ વર્ણવે છે.

૧. 'મધુર કટાક્ષ કૃપારસપૂરન.' આપ નેત્રોથી ભક્તો પ્રત્યે મધુર, પૂર્ણ કૃપારસકટાક્ષ કરી રહ્યાં છે. કૃપારસનું સીંચન કરવું એ આપનો મુખ્ય ગુણ છે – સ્વભાવ છે. કેવળ દ્રષ્ટિ દ્વારા અધમમાં અધમ અનાથ જીવને આપ સનાથ કરે છે. આપ કૃપાશક્તિનું સ્વરૂપ છે. પ્રભુની સર્વ શક્તિઓમાં કૃપાશક્તિ શિરોમણિ છે. અન્ય માર્ગોથી પુષ્ટિજીવોનો ઉદ્ધાર શક્ય ન હોવાથી કૃપાશક્તિ શ્રીવલ્લભે કૃપામાર્ગ –પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો. આ મધુર સ્વરૂપની કૃપા ય મધુર છે. એ કૃપાનો માર્ગ પણ મધુર છે.

૨. 'મનોહર બચન બિલાસ' આપની વાકશક્તિ એ આપનો બીજો અલૌકિક ગુણ છે. માયાવાદીઓને 'દાહે વચનાનલ'- વચનરૂપી અગ્નિથી બાળે છે. એ જ વચનો 'સીંચે વચનસુધારસ.' ભક્તોનાં દુ:ખી હૃદયોને વચનસુધાથી હરિયાળાં બનાવે છે. 'શ્રીયમુનાષ્ટક' (પ્રથમ કૃતિ) થી લઈને 'શિક્ષાશ્લોકા:' (અંતિમ કૃતિ) સુધીના સર્વ ગ્રંથો સદા અમૃતરસનું પાન કરાવે છે. એ ભગવલ્લીલાનો મનોહર વિલાસ છે.

૩. 'મધુર ઉગાર દેત દાસનકોં'- આપ પોતાના દાસસેવકોને આપના મુખના ચર્વિત તાંબુલ આદિ અધરામૃતનું દાન કરે છે. આ આપનો ત્રીજો ગુણ છે. પતિના ઉચ્છિષ્ટનો અધિકાર, કેવળ તેની પત્નીને હોય. શ્રીવલ્લભે આ અધિકાર પોતાના શરણાગત જીવોને આપીને કેટલી કૃપા કરી છે!

જેમ શ્રીઠાકોરજીએ પોતાનું ચર્વિત ગોપીજનોને આપી, તે દ્વારા પોતાનું વિપ્રયોગધર્મીસ્વરૂપ સદાને માટે એમના હૃદયમાં સ્થાપ્યું, તેમ શ્રીમહાપ્રભુજીએ પણ પોતાના 'મધુર ઉગાર' દ્વારા નિજજનોને વિપ્રયોગ ધર્મીસ્વરૂપનું દાન કર્યું છે. અલભ્યને સુલભ કરી દેવાનો શ્રીવલ્લભનો આ મહદ ગુણ છે.

૪. 'મધુર બિરાજત મુખ મૃદુ હાસ' – આપનું મુખકમળ મૃદુ હાસ્ય-સ્મિતથી સદા મધુરું છે. સર્વ સ્થિતિમાં સર્વત્ર ભગવલ્લીલાનાં દર્શન કરી એમનું મુખ મલક્યા કરે છે. મુખનો મલકાટ મધુર છે; કારણ કે નિજાનંદનો નથી; પણ ભગવદ સુખ માટે પ્રસન્ન રહેવું એ આપનો ચોથો ગુણ છે.

આ ચાર ગુણો ચાર સ્વામિનીજીઓના ભવરૂપ છે. જેમકે કૃપાગુણ શ્રીરાધિકાજીનો, વચનગુણ શ્રુતિરૂપા શ્રીચંદ્રાવલીજીનો, અધરામૃતનો ગુણ ઋષિરૂપા શ્રીકુમારિકાજીનો અને ભગવત સુખ માટે ચિત્તની પ્રસન્નતાનો ગુણ શ્રીયમુનાજીનો છે. શ્રીવલ્લભ આવા સર્વગુણસંપન્ન હોવાથી મધુર છે.

-